# શહેરમાં કચરાના ખડકલાઓ સર્જાયા!!

## સેકટરોના રીંગરોડની સફાઈના નામે પણ મીંડુ ; પાટનગર યોજના ભવન નજીક પ્લાસ્ટીકના કચરાનો ખડકલો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં ઉનાળો શરૂ થતાં જ શહેરના વિવિધ માર્ગો પર કચરાના ઢગલાઓ શરૂ થઈ ગયા છે તેમજ મનપા દ્વારા મુકવામાં આવેલ એલ્યુમીનીયમની કચરા પેટીઓ પણ ઉભરાઈ રહી છે પરંતુ તંત્ર દ્વારા તે ઉપાડવાની આળસ દાખવવામાં આવી રહી છે.

ગાંધીનગર મનપાને સરકાર દ્વારા સોંપવામાં આવેલ એક માત્ર સફાઈની સેવા પણ અસરકારક રીતે હાથ ધરવામાં તંત્ર ઉણું ઉતરી રહ્યું છે. શહેરના આંતરિક રીંગ રોડની સફાઈ કરવાની વાતો પણ કાગળ પરના ઘોડા જેવી પુરવાર થઈ રહી છે. આંતરિક માર્ગોની સઘન સફાઈ માટે અભિયાન ચલાવવાની વાતો પણ હવે અધિકારીઓના મુખ પર શોભાના શબ્દોની જેમ જ રહી ગયા છે.

શહેરના આંતરિક માર્ગોની સફાઈ નથી થતી તેવી જ રીતે શહેરના વિવિધ વિસ્તારોમાં મુકવામાં આવેલ કચરાપેટીઓ જે નવી એલ્યુમીનીયમની છે તે ઉભરાઈ રહી છે. સે-૧૬, સે-૨૩, ૨૪, ૫ અને ૧૩માં તો આ અંગેની સ્થિતિ ખરાબ છે. નિયમિત રીતે કોમ્પેકટરથી ઉપાડવાની વાતો પણ વિસરાઈ જવા પામી છે. પાટનગર યોજના ભવન અને ઉદ્યોગભવનની પાછળ તો હવે કચરાનો બાળીને નિકાલ કરવાનો નિત્યક્રમ બની રહ્યો હોય તેવી સ્થિતિ વચ્ચે પણ આ બંને સંકુલોની આસપાસના સેકટરોમાં તો ગંદકીના ઢગલા પણ વધી ગયા છે.

પ્લાસ્ટીક ફ્રી સીટીની વાતો વચ્ચે અહીં પ્લાસ્ટીકનો કચરો પણ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. સ્વચ્છ શહેર બનાવવાની વાતો હવે પોથીમાંના રીંગણા જેવી લાગવા લાગી છે.

જિલ્લા પંચાયતથી ઉદ્યોગભવન અને ઉદ્યોગભવનથી અખબાર ભવન જતા માર્ગો પર પણ કચરાના ખડકલાએ હદ વટાવી છે. તંત્ર ગંભીરતાથી સફાઈની સેવા પર ધ્યાન આપે તેમ સૌ નગરજનો ઈચ્છી રહ્યા છે.



## પંચદેવ મંદિરે એકલિંગજી પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો

મેવાડાના રાજા એકલિંગજીદાદાનો પ્રાગટ્ય મહોત્સવ પંચદેવ મંદિરે યોજાયો હતો. આ પ્રાગટ્ય મહોત્સવમાં ગાંધીનગરના ત્રિવેદી મેવાડા-ભટ્ટ મેવાડા સમાજના જ્ઞાતિજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પૂજા-અર્ચના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજસ્થાન ઉપરાંત ગુજરાતમાં સાબરકાંઠા, અમદાવાદ, વડોદરા વગેરે સ્થળે ઉજવાય છે. એકલિંગજી પ્રાગટ્ય મહોત્સવ ગાંધીનગરમાં પ્રથમવાર ઉજવવામાં આવ્યો હતો.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પરીક્ષામાં કેશલેસનો નિબંધ પુછાય તો... એવું ન લખતો કે મારા પપ્પાને નથી આવડતું...!!

# આશા બહેનો અને મધ્યાહન ભોજન કર્મીઓના આજે વિરોધ પ્રદર્શનો

## હજારોની સંખ્યામાં સરકારથી નારાજ કર્મચારીઓ શહેરમાં આવશે અને આશ્ચર્યજનક કાર્યક્રમો આપશે : શહેર પોલીસ છાવણીમાં ફેરવી દેવાયુ

ગાંધીનગર, તા. ૨૬

આશાવર્કર બહેનો, આંગણવાડીની બહેનો, ફેસીલેટર, મધ્યાહન ભોજનના કર્મચારીઓ, ફીક્સ અને કોન્ટ્રાક્ટ હેઠળના કર્મચારીઓ તથા સંઘર્ષ સમીતીઓ દ્વારા સોમવારે ગાંધીનગરમાં વિવિધ સ્થળે આશ્ચર્યજનક કાર્યક્રમો આપવામાં આવશે. રાજ્યભરમાંથી હજારોની સંખ્યામાં આવનાર આ વિરોધ પ્રદર્શનકારીઓ કોઈપણ સ્થળે કાર્યક્રમો આપવાના હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે શહેરને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ છે. વહેલી સવારથી પોલીસ અને આઈબી આ કર્મચારીઓની વૉચ પર બેસી જશે. જ્યાં દેખાશે ત્યાંથી તેમને ડીટેઈન કરવામાં આવશે તેવું જાણવા મળ્યુ છે.

આ કાર્યક્રમમાં વિરોધ પ્રદર્શનો અટકાવવા માટે ૧૦ ડીવાયએસપી, ૩૩ પીઆઈ, ૭૦ પીએસઆઈ, ૮૦૦ પોલીસ, ૫૦૦ મહિલા, ૬ કંપની એસઆરપી, બે વૉટર કેનન, ત્રણ ક્રેઈન, ૪૦ ટ્રાફીક પોલીસ અને ક્યુ.આર.ટી. દિવસભર સ્ટેન્ડ ટુ રહી બંદોબસ્તમાં જોતરાશે.

# હોસ્પિટલમાં આરકેએસના નાણા ભરવા ફુટબોલની જેમ ફંગોળાતા દર્દીઓ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ વહીવટી પ્રક્રિયામાં સદંતર નિષ્ફળ નિવડ્યું છે. સિવિલમાં આવતા દર્દીઓને એકસ-રે, સોનાગ્રાફી સહિત વિવિધ ટેસ્ટના નિયત કરેલા રૂપીયા ભરવા દર્દીઓને આમથી તેમ ભટકવું પડે છે. આ સમસ્યાને પગલે કેટલાક દર્દીઓએ નિદાન વિના ઘરે પરત ફરવાનો વારો આવે છે. ત્યારે જે તે વિભાગમાં જ રસીદ આપી આરકેએસના નાણા સ્વીકારવામાં આવે તેવી દર્દીઓમાં માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. જિલ્લાના દર્દીઓ માટે હોસ્પિટલ આશિર્વાદ રુપ સાબિત થઈ રહી છે. જેને પગલે દર્દીઓનો ભારે ધસારો સિવિલમાં જોવા મળે છે. મેડીકલ કોલેજને પગલે દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો કરાયો છે. ત્યારે વહીવટી કામગીરીમાં સિવિલનું તંત્ર ખાડે ગયું હોય તેવું લાગી રહ્યું છે. વહીવટી તંત્ર દ્વારા દર્દીઓને કોઈ પણ જાતની તકલીફ ના પડે તેની દરકાર રાખવામાં આવતી નથી. તંત્રની અણઆવડતને કારણે દર્દીઓ આરકેએસના નાણા ભરવા આમથી તેમજ ફુટબોલની જેમ ફંગોળાય છે. આ સમસ્યાને પગલે કેટલાક દર્દીઓને નિદાન વગર પાછા ફરવાનો વારો આવે છે. જેમાં ડાયાબિટીસની બિમારીથી પિડાતો દર્દી ઓપીડીમાં ડોકટરને બતાવે ભુખ્યા તેમજ જમ્યા પછી ડાયાબિટીસનો ટેસ્ટ કરાવાય છે. આ ટેસ્ટ કરાવા માટે દર્દી જે તે રૂમ ખાતે પહોંચે ત્યારે ત્યાં હાજર કર્મચારી જણાવે આ બારી પર પૈસા ભરીને આવો પછી ટેસ્ટ થશે. તો બીજીતરફ ઓર્થોપેડીક વિભાગનો દર્દી માટે એકસ-રે જરુરી છે જેથી ડોકટર એકસ-રે પડાવાનું કહે તે સમયે રૂપીયા ભરવાથી અજાણ દર્દી એકસ-રે ની લાઈનમાં કલાક સુધી બેસી રહે ત્યારે નંબર આવે પછી દર્દીને કહેવામાં આવે છે કે રોગી કલ્યાણ સમિતીની બારી પર રૂપીયા ભરીને આવો પછી એકસ-રે પડશે. આ બધી પ્રક્રિયામાંથી પસાર થતા દર્દીને સમય જાય છે. ડોકટર જતા રહે અને ત્યારબાદ દર્દીની કલાકોની મહેનત નિષ્ફળ નિવડે છે. જયારે સારવાર માટે આવેલ દર્દીને આખો દિવસ વિતાવવો પડે છે. હોસ્પિટલમાં આ પરિસ્થિતિનો સામનો દરેક દર્દીએ કરવો પડે છે. ઉપરાંત લેબોરેટરીના ટેસ્ટમાં પણ આ જ મુજબની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. ત્યારે આ પરિસ્થિતિથી દર્દીઓ તંગ આવી ગયા છે. ત્યારે આરકેએસના નાણા જે તે વિભાગમાં સ્વીકારી પહોંચ આપવામાં આવે અને યોગ્ય માર્ગદર્શનની વ્યવસ્થા તંત્ર દ્વારા ગોઠવાય તેવી માંગ દર્દીઓ કરી રહ્યા છે.

### હૃદયની તકલીફવાળા દર્દીને પણ રૂ.૧૦ ભરવા પોણો કિ.મી. ચાલવું પડે છે

ગાંધીનગર હોસ્પિટલમાં છાતીમાં દુખાવાની ફરિયાદ લઈને આવેલા દર્દીને ઓપીડીમાં ફીઝીશીયનને બતાવવા માટે પ્રથમમાળે જવુ પડે છે ત્યાં ડોકટર હદયરોગના બિમાર દદીને ઈસીજીની સલાહ આપે છે. ડોકટરની સામેની રૂમમાં બેસતા ઈસીજી એક્ષપર્ટ પાસે જાય તો રૂ.૧૦ની પાવતી માંગે છે. જો પાવતી ના હોય તો ઈસીજી નહી થાય તેમ કરીને દર્દીને પાવતી ભરવા મોકલાય છે.છાતીમાં દુખાવાની ફરીયાદવાળો દર્દી પોણો કિલોમીટર ચાલીને રૂ.૧૦ ભરે છે. દર્દીઓ કહી કહીને થાકી ગયા કે ઈસીજી રૂમમાં જ આરકેએસના નાણા સ્વીકારવાની બુક રાખો અને પાવતી આપો. પરંતુ દર્દીઓની ફરિયાદ તંત્રના બહેરા કાને અથડાઈને પાછી ફરતી હોય તેવું દર્દીઓને લાગી રહ્યું છે.

# ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ૧૯૭૯ કનેકશન અપાયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં ૨૦૪ અને ૨૦૧૫માં કુલ ૧૯૭૯ ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વીજ કનેકશન આપવામાં આવ્યા છે.

રાજ્ય સરકારની ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪માં ૮૦૨ અને ૨૦૧૫માં ૧૧૭૭ ઝુંપડાઓમાં ગૃહ વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા છે. કોંગ્રેસના ધારાસભ્ય શકિતસિંહ ગોહિલના એક લેખિત પ્રશ્નમાં સરકારના ઉર્જામંત્રીશ્રીએ આ વિગતો આપી છે.

# સમર્પણ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની બેઠક યોજાઈ

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ખાતે આવેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની બેઠક તાજેતરમાં કોલેજ કેમ્પસમાં યોજાઈ હતી. જેમાં કોલેજમાં અભ્યાસ કરી ચુકેલા ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. ઘણા વર્ષો બાદ એકબીજાને મળીને આનંદિત થઈ ગયેલા મિત્રોએ ભુતકાળની યાદો વાગોળી હતી. આ પ્રસંગે કોલેજ પરિવારના પ્રાધ્યાપકો પણ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.







## સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવાનો રસોઈ-શો

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા દ્વારા સેકટર-૬ની સરકારી પ્રાથમિક શાળા ખાતે રવિવારે એક રસોઈ શૉ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રસોઈ શૉ માં સંદેશ ખાના-ખજાનાના વિજેતા કુકીંગ નિષ્ણાંત ગીતા ખુમાણે ઉપસ્થિત રહી મહિલાઓને વિવિધ અવનવી પંજાબી વાનગીઓની રેસિપિ શિખવાડી હતી. આ રસોઈ શૉ નું મોટી સંખ્યામાં મહિલાઓએ લાભ લીધો હતો.

# ભારતના રાષ્ટ્રપતિ પદ માટે સેલિબ્રિટી અથવા હિન્દુત્વનો ચહેરો આવી શકે છે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલાં દેશમાં નવા રાષ્ટ્રપતિની વરણી થઈ ચૂકી હશે. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ રોજ ભારતને પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ડો. રાજેન્દ્રપ્રસાદ મળ્યા હતા. આજે ૨૫મી જુલાઈ ૨૦૧૨થી રાષ્ટ્રપતિપદ ઉપર પ્રણવ મુકરજી કામ કરી રહ્યાં છે, તેમનો ટેન્યોર આ વર્ષે પૂર્ણ થાય છે. ૨૦૧૭ના વર્ષમાં ભારતને ૧૪મા રાષ્ટ્રપતિ મળશે. આ પદ માટે ભાજપ પાસે લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોષી, બાબા રામદેવ, સુષ્મા સ્વરાજ, અમિતાભ બચ્ચન, રજનીકાન્ત, રતન ટાટા, નારાયણમૂર્તિ અને મીરાંકુમારના નામ છે. જો કે મોદીનું ચાલે તો પ્રણવ મુકરજીને ફરીથી આ પદ માટે આરૂઢ કરી શકે છે, કારણ કે મુકરજી તેમના શાસનમાં ક્યાંય અવરોધ બન્યા નથી. રાષ્ટ્રપતિ પદ પર અત્યાર સુધીમાં એક જ મહિલા પ્રતિભા પાટીલ આવ્યા છે. ૨૦૧૭માં મહિલા રાષ્ટ્રપતિની વરણી નકારી શકાય તેમ નથી. પ્રણવ મુકરજીનો કાર્યકાળ ૨૪મી જુલાઈએ પૂર્ણ થાય છે ત્યારે તે પહેલાં પ્રેસિડેન્ટનું ઈલેક્શન થવું જરૂરી છે.

### ફિલ્મો અને હીરોની જેમ પોલિટીશ્યનોને લાગ્યો છે બ્રાન્ડિંગનો ચસકો

**● પોલિટીશ્યનને લાગ્યો છે બ્રાન્ડીંગનો રોગ...**

કોઈપણ મેન્યુફેક્ચરરને તેની પ્રોડક્ટ વેચવી હોય તો બ્રાન્ડીંગ, સ્ટેટેજી અને માર્કેટીંગ કરવું પડે છે. સેલિબ્રિટીઝને રોકવા પડે છે. બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા પડે છે. સોશ્યલ સાઈટ્સમાં તે પ્રોડક્ટનું માર્કેટીંગ કરવું પડે છે. હવે આ રોગ પોલિટીશ્યનને લાગુ પડ્યો છે. પોલિટીક્સમાં પણ હવે બ્રાન્ડ એમ્બેસેડર રાખવામાં આવે તો નવાઈ પામવા જેવું નથી. ભારતમાં કોઈ એવી પાર્ટી નથી કે જેમાં બોલિવુડના કલાકારોને ભર્યા ન હોય, સૌથી વધુ સેલિબ્રિટીઝ ભાજપમાં છે. સાઉથની પાર્ટીઓમાં પણ હીરો કે હીરોઈનને પાર્ટીના ખેસ પહેરાવી દેવામાં આવે છે અને તેઓ બ્રાન્ડ એમ્બેસેડરની જેમ પાર્ટીનો પ્રચાર અને પ્રસાર કરે છે. પોલિટીક્સમાં નરેન્દ્ર મોદી પછી અખિલેશ યાદવ, નિતીશકુમાર અને અરવિંદ કેજરીવાલનું બ્રાન્ડીગ થયું છે. હવે ગુજરાતમાં શંકરસિંહ વાઘેલા પણ બ્રાન્ડીગ કરાવી રહ્યાં છે. પહેલાં આનંદીબહેન પટેસનું થતું હતું તેમ હવે વિજય રૂપાણીનું પણ બ્રાન્ડીગ ચાલી જ રહ્યું છે.

**● મેનેજેન્ટનો ટકરાવ... પ્રશાંત કિશોર સામે દિપક...**

ચૂંટણીમાં ફિલ્મસ્ટારોને મેદાનમાં ઉતારવાનો ક્રેઝ છે તેમ હવે ઈલેક્શન મેનેજરોની નિયુક્તિ પણ કરવી પડે છે. પ્રશાંત કિશોર એક એવું નામ છે કે જે પહેલાં ભાજપ અને પછી કોંગ્રેસના ઈલેક્શન મેનેજર બન્યા છે. બીજી તરફ ઉત્તરપ્રદેશમાં ભાજપની જીતમાં મોટો ફાળો દિપક પટેલનો માનવામાં આવે છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં આ ચહેરો સામે આવ્યો હતો. આ દિપક પટેલ પહેલાં પ્રશાંત કિશોર સાથે સિટીઝન ફોર એકાઉન્ટેબલ ગવર્નન્સ સાથે જોડાયેલા હતા. ૨૦૧૪ની ચૂંટણી બાદ પ્રશાંત કિશોર બિહારમાં નિતીશકુમાર સાથે જોડાઈ ગયા અને હવે તેઓ કોંગ્રેસનું કામ કરે છે. પ્રશાંત કિશોર ઉત્તરપ્રદેશમાં નિષ્ફળ ગયા છે પરંતુ પંજાબમાં તેઓ સક્સેસ થયા છે તેથી ગુજરાત કોંગ્રેસ તેમને માગી રહ્યું છે. ઉત્તરપ્રદેશમાં ભાજપ પાસે દિપક પટેલ અને તેમની ટીમ હતી જેને પાર્ટી પ્રેસિડેન્ટ અમિત શાહ ગાઈડ કરતા હતા. આમ તો અમિત શાહ અને નરેન્દ્ર મોદીનું એટલું બ્રાન્ડીગ થઈ ચૂક્યું છે કે તેમને હવે બ્રાન્ડીગ માટે કોઈ મેનેજરની આવશ્યકતા નથી.

**● સોશ્યલ સાઇટ્સમાં ભાજપને કોઇ ન પહોંચે...**

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

સોશ્યલ નેટવર્કિંગમાં ભાજપને કોઈ પાર્ટી પહોંચી શકે તેમ નથી, કારણ કે ભાજપમાં આઈટી નેટવર્ક સાથે જોડાયેલા તજજ્ઞોની મોટી ટીમ છે. ભાજપ પાસે થિંકટેન્ક છે, જે કોંગ્રેસ ગુજરાતમાં ઉભી કરી શકી નથી. નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતમાં હતા ત્યારે તેમણે ૨૦૦૭ની ચૂંટણીમાં સોશ્યલ સાઈટ્સનો સૌથી વધુ ઉપયોગ કરી મહિલાઓ અને યુવાનોને આકર્ષ્યા હતા. તેમણે ૨૦૧૨ અને ૨૦૧૪ની ચૂંટણીમાં સોશ્યલ સાઈટ્સનો યુપીએ સરકારના ભ્રષ્ટાચાર ઉઘાડા પાડવા છૂટથી ઉપયોગ કર્યો હતો જેની સામે કોંગ્રેસના નેટવર્કનો દેખાવ કંગાળ રહ્યો હતો. હવે ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી આવે છે ત્યારે પણ કોંગ્રેસ સોશ્યલ સાઈટ્સનો ઉપયોગ શરૂ કરી શકી નથી, બીજી તરફ ભાજપે સોશ્યલ સાઈટ્સના તમામ દરવાજા ખોલી નાંખ્યા છે.

### કોંગ્રેસને ધારાસભ્યો ખોવાનો ડર, ભાજપ હાઈકમાન્ડ ચેઈન્જ ઈચ્છે છે

**● કોંગ્રેસ માટે ધારાસભ્યો બચાવવાનો પડકાર...**

વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના પ્રદેશ નેતાઓ એક થાય અને તેમના હવે પછીના નેતાઓને ભાજપમાં જતાં બચાવી શકે તો તેનો ફાયદો થઈ શકે છે. ૨૦૧૨ની ચૂંટણીમાં વિઠ્ઠલ રાદડિયા, જયેશ રાદડિયા, બાવકુ ઉંઘાડ અને નરહરિ અમીન જેવા નેતાઓને કોંગ્રેસે ગુમાવ્યા છે. ૨૦૧૭માં કોંગ્રેસના નેતાઓએ તેમના વર્તમાન ધારાસભ્યોને ભાજપમાં જતા અટકાવવાના થાય છે. જો તેમ ન થયું તો ભાજપનું મિશન-૧૫૧ પૂર્ણ થતાં કોઈ રોકી શકશે નહીં. કોંગ્રેસમાં મુખ્યપ્રધાનના ઉમેદવારોની સ્પર્ધા નહીં પણ મજબૂત અને જીતી શકે તેવા ઉમેદવારો શોધવાની સ્પર્ધા કરવાની આવશ્યકતા છે. કોંગ્રેસ આવે છે... તેવું સ્લોગન તો આપવામાં આવ્યું છે પરંતુ કેવી રીતે આવશે તેનો માસ્ટરપ્લાન અને માઈક્રો પ્લાનિંગ કરવાની પણ જરૂર છે.

**● ભાજપ કમાન્ડ ઉમેદવારોમાં ચેઇન્જ ઇચ્છે છે...**

ભાજપનું હાઈકમાન્ડ હાલના ધારાસભ્યોમાં ચેઈન્જ ઈચ્છી રહ્યું છે. છેલ્લી ચાર ચૂંટણીઓ- ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨માં ભાજપે ભારે બહુમત તો મેળવ્યો છે પરંતુ આટલા વર્ષોના શાસન પછી શાસન વિરોધી મતદાન થવાનો ભાજપને ભય છે. રાજકારણ એવું કહે છે કે જ્યાં શાસન વિરોધી મતદાન થવાની સંભાવના હોય ત્યાં ઉમેદવારોમાં જો ધરખમ ફેરફાર કરવામાં આવે તો તેની તીવ્રતા ઓછી થઈ જાય છે. પાર્ટીના સૂત્રો કહે છે કે ભાજપ હાલના ધારાસભ્યો પૈકી ૩૫ ટકાને રિપીટ કરવાના મૂડમાં નથી, ભાજપ જાણે છે કે તેના જે ધારાસભ્યને ટીકીટ નહીં મળે તે બળવો કરવા સક્ષમ નહીં હોય, કારણ કે જો તે કોંગ્રેસમાં જોડાઈને ટિકીટ મેળવશે તો તે જીતી શકશે નહીં. રાજકીય ઈતિહાસ છે કે ભાજપમાંથી કોંગ્રેસમાં ગયેલા નેતાઓ ભાગ્યેજ જીતે છે જ્યારે કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા નેતાઓ અવશ્ય જીતે છે.

**● વણઝારા અને હાર્દિક પટેલ મેદાનમાં હશે...**

ગુજરાતના રાજકીય સૂત્રો કહે છે કે નિવૃત્ત પોલીસ અધિકારી ડી.જી વણઝારા અને પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલ આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં દેખા દેશે. વણઝારા ધારાસભ્ય પદની ટિકીટ મેળવી શકે છે જ્યારે હાર્દિક પટેલ ભાજપ વિરોધી પ્રચાર કરી શકે છે. એ ઉપરાંત ઠાકોર સેનાના પ્રણેતા અલ્પેશ ઠાકોર પણ ચૂંટણી મેદાનમાં સક્રિય બને તેવા સંજોગો છે. જો કે અલ્પેશ કોને મદદ કરશે તે નિશ્ચિત નથી. બીજીતરફ આમ આદમી પાર્ટી પંજાબ અને ગોવામાં નિષ્ફળ ગયા પછી ગુજરાતમાં ધ્યાન કેન્દ્રીત કરે તેવું લાગતું નથી. માત્ર હાજરી પૂરાવા ઉમેદવારો ઉભા રાખી શકે છે પરંતુ તેમની જીતની કોઈ ગેરંટી નથી. હા, કોંગ્રેસને મદદ કરવા માટે એનસીપી ગઠબંધન કરી શકે છે.

### બજેટ સત્ર સમાપ્તિ તરફ, પ્રજાલક્ષી જાહેરાતો અને ટ્રાન્સફરની મોસમ

**● બજેટ સત્ર પછી વહીવટી ફેરફારો નિશ્ચિત...**

ગુજરાત સરકારનું બજેટ સત્ર પૂર્ણ થવામાં છે. આ મહિનાના અંતમાં સત્ર પૂર્ણ થયા પછી એપ્રિલના મધ્ય સુધીમાં વહીવટી તંત્રમાં ફેરફારો થશે. આ ફેરફારોમાં આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ ઉપરાંત જીએએસ કેડરના ઓફિસરોનો સમાવેશ થાય છે. ચૂંટણી જો વહેલી આવે તો- એ શક્યતાને ધ્યાને રાખતાં આ ફેરફારો નિશ્ચિત બન્યા છે. જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની ફાઈલ તૈયાર છે પરંતુ તે ફેરબદલ હજી જાહેર થતો નથી. શહેરોના મ્યુનિસિપલ કમિશનરો અને જિલ્લાના વહીવટમાં બહુ મોટા ચેન્જીસ આવી રહ્યાં છે. સચિવાલયમાં પણ ચેન્જીસ છે, કારણ કે ત્રણ અધિકારીઓ- પી.ડી.વાઘેલા, કે.શ્રીનિવાસ અને અનિતા કરવલ ડેપ્યુટેશન પર દિલ્હી જઈ રહ્યાં છે. આઈપીએસમાં બઢતીની ફાઈલો પણ તૈયાર થઈ રહી છે.

**● પ્રજાલક્ષી જાહેરાતો કરવા દિલ્હીથી આદેશ...**

ગુજરાતની સામાન્ય જનતાને બહોળો ફાયદો થાય તેવી પ્રજાલક્ષી જાહેરાતો કરવા માટે હાઈકમાન્ડે ગુજરાત એકમને આદેશ કર્યો છે. એટલું જ નહીં કેન્દ્ર અને રાજ્ય સરકારના વિકાસ કામોની યાદી બનાવીને પ્રજા સુધી પહોંચવાની તૈયારી કરવા પણ કહ્યું છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહની ગુજરાતની મુલાકાતો વધી ગઈ છ તે જોતાં ગમે તે સમયે ચૂંટણી આવી શકે છે. અમિત શાહ બે દિવસ ગુજરાતમાં રોકાવાના છે અને વિધાનસભામાં હાજરી પણ આપવાના છે. તેઓ ધારાસભ્ય હોવાથી તેમને હાજરી આપવી ફરજીતાય છે તેથી તેઓ સત્રમાં ઉપસ્થિત રહેશે. વિજય રૂપાણીની સરકાર યુવાનો, આદિવાસીઓ, ખેડૂતો અને મહિલાઓ માટે પ્રજાલક્ષી જાહેરાતો કરે તે સંભવ છે.